ગાંભોઈ પ્રાથમિક શાળા ખાતે યોગ દિન ઉજવાયો...

વિશ્વ યોગ દિવસ નિમિત્તે મંગળવારના રોજ હિંમતનગર તાલુકાની ગાંભોઈ પ્રાથમિક શાળા ખાતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં યોગ શિક્ષક દ્વારા શાળાના પટાંગણમાં બાળકોને વિવિધ યોગાસનો, પ્રાણાયામ કરાવી યોગ પ્રત્યે રૂચિ કેળવાય તેવા પ્રયાસો કરાયા હતા. આ પ્રસંગે ગ્રામ પંચાયત સરપંચ શ્રીમતી મંજુલાબેન જગતસિંહ પરમાર, તલાટી કમમંત્રી ઘનશ્યામભાઈ પ્રજાપતિ, ભગવાનદાસ ચૌધરી, ભરતસિંહ ચૌહાણ, સહિત શાળા પરિવાર તેમજ ગ્રામજનો હજાર રહ્યા હતા.

જાંબુડી હાઈસ્કૂલમાં યોગ સપ્તાહની ઉજવણી...

હિંમતનગર તાલુકાની શ્રી જે.એમ.કોટડિયા સાર્વજનિક હાઈસ્કૂલ જાંબુડી (રામપુર) ખાતે તાજેતરમાં સાબરકાંઠા જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ ,આયુષ શાખા દ્વારા યોગ સપ્તાહની ઉજવણી અંતર્ગત " યોગ નિદર્શન" કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સામૂહિક યોગ તથા યોગના ફાયદા વિશે માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ.કૌશિક રાવલ, ડૉ.પંકજ શાહ, ડૉ.હિનલ વરસાત, ડૉ.વિમલબેન ચૌહાણ, ડૉ.અંકિતા મહિડા, ડૉ.હેમલ સુથાર, શાળા આચાર્ય અજયસિંહ ચંપાવત વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ધનસુરાના પટેલ ભાવનાબેન.પી.નું જયપુર ખાતે રાષ્ટ્રીય ગૌરવ એવોર્ડથી સન્માન

ભવ્યા ફાઉન્ડેશન અને ભવ્યા ઈન્ટરનેશનલ દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય મૈત્રી સંમેલન અખિલ ભારતીય ખંડેવાલ વૈશ્ય મહાસભા ઓડિટિરિયમ ગુલાબી નગરી જયપુર રાજસ્થાન માં તા ૧૯ જૂન ના રોજ રાષ્ટ્રીય ગૌરવ એવોર્ડ નુ ભવ્ય આયોજન કરવામાં આવ્યું જેમાં દેશ ના વિવિધ રાજ્યો માંથી વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરનાર ને આ એવોર્ડ થી સન્માનવામાં આવ્યા હતા આ કાર્યક્રમ ના મુખ્ય અતિથિ યુકે થી ડૉ.પરીન સોમાની હાજર રહ્યા હતા ત્યારે અરવલ્લી જિલ્લા ની ધનસુરા તાલુકાની કેનપુરકંપા શાળાના શિક્ષિકા ભાવનાબેન પટેલ કે જેઓ બાળકો અને શાળાના સર્વાંગી વિકાસ માટે હંમેશા તત્પર રહે છે અને તેઓના આ કાર્ય થી આજે શાળાએ રાષ્ટ્રીય કક્ષાએ નામના મેળવી છે. તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.ભાવનાબેન એ જણાવ્યું હતું કે ભવ્યા ફાઉન્ડેશન દ્વારા રાષ્ટ્રીય ગૌરવ એવોર્ડ ૨૦૨૨ થી સન્માનિત થતાં આનંદ ની અનુભૂતિ અનુભવાય છે. અને આ સન્માન ના સાચા હકદાર મારો શાળા પરિવાર અને મારાં નાના ભૂલકાઓ છે આ સન્માન તેમને અર્પણ કરતાં આનંદ અનુભવું છું.

ધાનેરામાં ૧૦૮ની ટીમ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી

૨૧ જુન એટલે વિશ્વ યોગ દિવસ જો નિયમિત યોગ કરવામા આવે તો કોઈ રોગ પાસે નથી આવતો . આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,ધાનેરા માં ૧૦૮ એમ્બ્યુલન્સ ની ટીમ હંમેશા લોકોના સ્વાસ્થ્ય માટે જીવના જોખમે ૨૪×૭ એક એક પળ લોકોના સ્વાસ્થ્ય માટે સારી કામગીરી કરનાર કર્મચારીઓ એ આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસ નિમિત્તે ૧૦૮ એમ્બ્યુલન્સ બનાસકાંઠા ના પ્રોગ્રામ મેનેજર કમલેશ પઢીયાર તથા સુપરવાઈઝર નિખીલ પટેલ ના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠા જિલ્લાના તમામ ૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટાફ દ્વારા આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે ધાનેરા ૧૦૮ની એમ્બ્યુલન્સ સ્ટાફ ઈએમટી ગૌરીચંદ્ર શ્રીમાળી તથા પાયલોટ મેહુલભાઈ ચૌહાણ પણ જોડાયા હતા ધાનેરા ૧૦૮ નાં બેનર પર યોગ કરીને આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

અંબાજીનાં ગબ્બર ખાતે ભીક્ષાવૃર્તી કરતાં બાળકો એ પણ યોગ કરી આ યોગ દિવસની ઉજવણીમાં જોડાયા

૨૧ જાન્યુઆરી ને વિશ્વ યોગ દિવસ છે જેને લઈ રાજયભર માં ધાર્મીક તેમજ શૈક્ષણીક સંસ્થાઓમાં યોગ દિવસ ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લા ના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવે છે કે, ત્યારે યાત્રાધામ અંબાજી નાં ગબ્બર ખાતે ભીક્ષાવૃર્તી કરતાં બાળકો એ પણ યોગ કરી આ યોગ દિવસ ની ઉજવણી માં જોડાયા હતા. લાંબા સમય થી આ બાળકો ગબ્બર ખાતે ભીક્ષા માંગી પોતાના પરીવારને ઘર ગુજરાન ચલાવવામા મદદ કરતાં હતાં. ત્યારે અમદાવાદ નાં ઉષાબેન અગ્રવાલ પોતાની શ્રી શક્તિ સેવા કેન્દ્ર સંસ્થા દ્વારા આ ભીક્ષાવૃર્તી કરતાં બાળકો સાથે તાલમેલ કરી તેમને " ભીખે નહી પણ ભણવા જઈએ " ની થીમ સાથે ૧૦૦ જેટલા બાળકે ને ભીક્ષાવૃર્તી છોડાવી અભ્યાસ તરફ વાળવાનો પ્રયાસ કર્યો છે.

સાબરકાંઠામાં સફેદ કપાસના પ્રતિબંધિત બિયારણનો રૂ.૪૦ કરોડનો કાળો કારોબાર

સરકાર દ્વારા નિષ્પક્ષ તપાસ જરૂરી, ખેતી વિભાગના અધિકારીઓ ભ્રષ્ટાચારમાં ગડાબૂડ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૨

સાબરકાંઠામાં પ્રતિબંધિત સફેદ કપાસના બિયારણનો દર વર્ષે રૂ.૪૦ કરોડનો કાળો કારોબાર હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. ગત માર્ચથી મે મહિનાના પ્રથમ સપ્તાહ સુધીમાં ૨૦ વાહનો મારફતે રાજ્ય ઉપર પરપ્રાંતના ૧૭ જિલ્લાઓમાં પ્રતિબંધિત બીટી અને એચટી બિયારણ ઠલવાયું છે અને આ તમામ લેવડ-દેવડ હવાલા મારફતે થયાની મજબૂત આશંકા છે જેથી આયકર વિભાગ પ્રતિબંધિત બિયારણના વેપલામાં જેમના નામ સામે આવ્યા છે તેવા જીનર્સના લેવડ-દેવડના હિસાબોની ચકાસણી કરાવે તો ઝવેરીઓના વેપલાની જેમ જ બિયારણના ધંધામાં ચાલતી અનેક લાલીયાવાળી સામે આવી શકે છે. સરકાર દ્વારા નિષ્પક્ષ તપાસ શરુ કરવાના બદલે પ્રતિબંધિત બિયારણના ઉત્પાદકોને છાવરવામાં આવતા હોય તેવા ગંભીર આરોપ લાગ્યા છે. ખેતી વિભાગના અધિકારીઓએ આ સમગ્ર પ્રકરણમાં હાથ કાળા કરી કોને નીચોવી નાખ્યા તેની તપાસનો સમય પણ પાકી ગયો છે.

રાજ્યમાં ખેડુતોને લૂંટનારાઓની એક સીન્ડીકેટ ઉભી થઈ છે. દર વર્ષે લાખો ખેડુતો નકલી બિયારણ, ખાતર અને દવાથી છેતરાયાની ફરીયાદો બહાર આવે છે પરંતુ અરજીના સ્વરૂપે ફરીયાદ સામે આવ્યા પછી તપાસના હુલામણાં નામ હેઠળ ફરીયાદી અને આરોપીને એક જ ટેબલ ઉપર બેસાડી ભ્રષ્ટ અધિકારીઓએ પોતાના ખીસાં ભર્યાના પણ ગંભીર આરોપ છુપા રહ્યા નથી. ત્યારે વડાલીના ચાર જીનર્સના ત્યાંથી અંદાજીત રૂા.૩ કરોડનું શંકાસ્પદ કપાસના બિયારણનો જથ્થો સીઝ કર્યા પછી લેબોરેટરી રીપોર્ટ જાહેર થયા છે જેમાં ત્રણ જીનીંગના બહાર આવેલા રીપોર્ટમાં બીટી અને એચટી પોઝીટીવ આવ્યું છે. દેશમાં એચટી બિયારણના ઉત્પાદન ઉપર સરકારે પ્રતિબંધ લાદ્યો છે છતાં કયા ભ્રષ્ટ અધિકારીઓના ઈશારે આવું ઉત્પાદન થતું રહ્યું તેની તપાસ થાય તો સચિવાલયથી માંડી તેથીય આગળ ભ્રષ્ટાચારનો રેલો પહોંચે તેવી પૂરેપૂરી સંભાવના છે. પર્યાવરણ માટે હાનિકારક બિયારણનો કરોડો રૂપિયાનો જથ્થો ગુજરાતના અનેક જિલ્લાના ખેડુતો સુધી પહોંચ્યા પછી તેનું વાવેતર પણ શરૂ થયું છે છતાં આવા ઉત્પાદકોને જવાબદાર તંત્ર હજુ પણ છાવરતાં ભ્રષ્ટાચારની મલાઈ કેટલે સુધી પહોંચી હશે તેનું આંકલન કરવું અત્યંત મુશ્કેલ છે પરંતુ સરકાર, કૃષિમંત્રી અને ખેતી વિભાગની તપાસની ઢીલી નીતિના કારણે પ્રતિબંધિત કપાસના બિયારણ મામલે છબી ખરડાય તેવી સંભાવના છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં એલ.ઈ.ડી. લાઈટનો અખતરો ચોમાસામાં ફલોપ

વરસાદ વરસતાં બત્તી ગુલ : હલકી ગુણવત્તાની વરસાદે પોલ ખોલી..!!

બાયડ (બ્યુરોઓફિસ),તા.૨૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વિજ બીલનું ભારણ ઘટાડવા માટે એલ.ઈ.ડી. લાઈટો લગાવાઈ છે પરંતુ ચોમાસામાં તે ફલોપ સાબિત થઈ છે. વરસાદ વરસતાંની સાથે અનેક વિસ્તારોમાં એલ.ઈ.ડી. લાઈટોની બત્તી ગુલ થઈ જતાં હલકી ગુણવત્તાની વરસાદે પોલ ખોલી નાખી છે. જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં પાલિકા તેમજ ગ્રામ પંચાયતો દ્વારા એલ.ઈ.ડી. લાઈટની ખરીદી કરવામાં આવી હતી પરંતુ યોગ્ય ગુણવત્તાની ખરીદી થઈ ન હોવાથી ચોમાસામાં એલ.ઈ.ડી.નો અખતરો સત્તાધિશોને ભારે પડ્યો છે.

જિલ્લામાં સ્ટ્રીટલાઈટની ટ્યુબ તેમજ બલ્બ સમયાંતરે બંધ થઈ જતા હોવાથી પાલિકા તેમજ ગ્રામ પંચાયતોના સત્તાધીશો માટે સ્ટ્રીટલાઈટ માથાના દુઃખાવારૂપ બની રહી હતી પરંતુ સરકારે એલ.ઈ.ડી. લાઈટ માટે પ્રોત્સાહન આપતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં એલ.ઈ.ડી. લાઈટનો રાત્રે પ્રકાશ પથરાતો હતો પરંતુ ચોમાસામાં એલ.ઈ.ડી. લાઈટની ખામીઓ સામે આવી છે. જિલ્લામાં વરસાદના આરંભ સાથે જ અનેક વિસ્તારોમાં એલ.ઈ.ડી. લાઈટો ડૂલ થઈ જતાં પ્રજાને અંધારામાં અથડાવાનો વારો આવ્યો છે. પાલિકા વિસ્તારોમાં મેન્ટેનન્સ ખર્ચ નિભાવાની જવાબદારી જે તે કોન્ટ્રાક્ટરોને આપવામાં આવી છતાં વરસાદ બાદ સ્ટ્રીટલાઈટો શોભાના તાજરૂપ બની રહી છે. અત્યાર સુધી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં એલ.ઈ.ડી. લાઈટના કારણે રાત્રે પ્રજાને નિકળવામાં ખાસ્સી રાહત થઈ હતી પરંતુ ચોમાસામાં એલ.ઈ.ડી. લાઈટો એક પછી એક ડૂલ થવા લાગતાં હલકી ગુણવત્તાના આક્ષેપ શરૂ થયા છે. જિલ્લામાં તપાસ થાય તો ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં એલ.ઈ.ડી. લાઈટ ગોઠવામાં અંદરખાને થયેલ ભ્રષ્ટાચાર ઉજાગર થાય તેમ છે. જિલ્લામાં સોલાર લાઈટો ચોમાસામાં અજવાળું પાથરવામાં નાકામીયાબ રહી છે તેમ હવે એલ.ઈ.ડી. લાઈટો પણ ફલોપ શો સાબિત થઈ છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદના ચાર છાંટા પડતાંની સાથે જ એલ.ઈ.ડી. લાઈટો ડૂલ થઈ ગયાની ફરિયાદો પ્રજામાંથી સાંભળવા મળી રહી છે.

મૂર્ખામીભર્યો સવાલ... ચાર વર્ષ પછી અગ્નિવીર શુ કરશે???

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૨૨

સરકારની અગ્નિપથ યોજનાથી કેટલાક મિત્રોના પેટમાં તેલ રેડાયું... બૂમરેંગ કરી મૂકી... મને એક કોંગ્રેસી મિત્રએ પૂછ્યું કે અગ્નિપથ યોજના થકી તૈયાર થયેલા અગ્નિવિરો ચાર વર્ષ પછી શું કરશે?? મને એવું લાગ્યું કે આ ભાઈને ભારતના યુવાનોની ખૂબ ચિંતા લાગે છે... "મેં એ ભાઈને કહ્યું ભાઈ આ અગ્નિવિરો ૪ વર્ષ સેવા આપ્યા પછી કમસે કમ ક્યાંય પથ્થરબાજી તો નહીં જ કરે...કોઈ રસ્તાઓ નહિ રોકે.... કોઈ પણ જાહેર કે અંગત મિલકતોની નુકસાન તો નહીં જ કરે...!!" શુ આ ઓછો ફાયદો છે?

અગ્નિવિરોમાં ૪ વર્ષની સેવા પછી તેમનામાં શિસ્ત, રાષ્ટ્રપ્રેમ અને નિષ્ઠા પ્રામાણિકતા તો આમ જનતા કરતા વિશેષ હશે !! અગ્નિપથ યોજનામાં સરકાર ક્યાં કોઈને પરાણે અમલ કરાવે છે?? ઉપરાંત સરકાર મહેનતાણું પણ આપવાની છે, ચાલુ સર્વિસ ઉપર કોઈ શહીદી વહોરી લે તો તેમને આર્મીના તમામ લાભ આપવાની પણ વાત છે.... જેટલા અગ્નિવિરોની ભરતી થવાની છે તેમાંથી ૨૫% તો સંરક્ષણ વિભાગમાં નોકરી મળવાની જ છે... અન્ય ૨૫% જેટલા રાજ્યોની પોલીસ સેવા કે કોઈપણ સેવામાં પ્રયોરિટીથી ગોઠવાઈ જશે... બાકીના તો હાલમાં ફ્રી જ છે તો ૪ વર્ષ સરકારી સેવા આપીને સાચા દેશભક્ત થઈને ખેતી, ધંધો, મજૂરી જે કંઈપણ કરશે તો પણ તે દેશદાઝથી કરવાના છે!! આનાથી વિશેષ ફાયદો બીજો કયો હોઈ શકે??

વિશ્વના ૨૫ થી વધુ વિકસિત દેશોમાં તો યુવાનોને બે થી ચાર વર્ષ ફરજીયાત મિલિટરીની સેવા આપવી પડે છે!! ઈઝરાયલ જેવા દેશમાં જે રાષ્ટ્રપ્રેમ છલકાય છે તેનું મુખ્ય કારણ ત્યાં ફરજીયાત મિલિટરી ટ્રેનિંગ કે સર્વિસ આપવામાં આવે છે!! ભારતના ગામડે ગામડે આવા થનગનાટ કરતા , શિસ્તબદ્ધ યુવાનો કોઈપણ પ્રાઈવેટ કામ અથવા સરકારી કે પ્રાઈવેટ જોબ કરતા હશે તેમ પ્રામાણિકતા છલકાતી હશે.... આગામી વર્ષોમાં ભારતભરના ગામડાઓમાં અગ્નિવીરોનો ડર અસામાજિક તત્વો અને દેશવિરોધીને રહેશે... એક વેલ ટ્રેઈન્ડ આર્મી ભારતભરમાં છવાયેલી હશે... આવનાર પ્રત્યેક અગ્નિવીર રાષ્ટ્રવાદી હશે એ વિપક્ષ કેવી રીતે સહન કરી શકે?? વિપક્ષની સાચી મુંઝવણ જ રાષ્ટ્રવાદ છે!!

આવા પથ્થરબાજી કરનારાઓ, રસ્તા રોકવાવાળાઓ, આગચાંપી કરવાવાળાઓને આ અગ્નિવિરો જરૂરથી નડવાના છે... તો આ વિરોધ કરનારાઓ અત્યારથી જ ચેતી ગયા અને આ યોજનાનો વિરોધ કરી રહ્યા છે!! એકબાજુ લાખો યુવાન નોકરી માટે શહેર શહેર ભટકી રહ્યા છે તો ૪ વર્ષ માટે તેમની વેતન સાથેની નોકરી અને પ્રમાણપત્ર ઓછું છે?? '૪ વર્ષ પછી તેમનું શિસ્ત અને પ્રામાણિકતા જ તેમને સાચો રસ્તો બતાવશે...' અગ્નિવીર કમસે કમ પથ્થરબાજ તો નહીં જ બને... પોતાનો રોટલો શેકવાવાળા આંદોલનકારી લોકોના હાથા તો નહીં જ બને...

અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી...!!

મેઘરજ કોલેજની વિદ્યાર્થીને પરીક્ષા બાદ અકસ્માત નડ્યો : બીજા દિવસે પણ પરીક્ષા આપી

મોડાસા, તા. ૨૨

કહેવાય છે કે ને હિંમતે મર્દા તો મદદ દે ખુદા પણ અહીં એક નારી શક્તિ પણ પોતાની કામયાબી નેઓછી આવા દે તેમ નથી ત્યારે વાત કરવામાં આવે તો મેઘરજ તાલુકાના રાંજેડી ગામની અને મેઘરજ

કોલેજ ખાતે સેમસ્ટર ૨ માં અભ્યાસ કરતી મિતલબેન નામની વિદ્યાર્થીની આર્ટસ કોલેજ ખાતે પ્રથમ વર્ષમાં સેમેસ્ટર ૨ અભ્યાસ કરી રહી છે ત્યારે હાલ સેમેસ્ટર ૨ ની યુનિવર્સીટી ની પરીક્ષા ચાલુ છે તેમાં મિત્તલબેન હાલ પરીક્ષા આપી રહ્યા છે પરંતુ ગઈકાલે પેપર પતાવ્યા પછી કોલેજમાંથી ઘરે જતા હતા ત્યારે મેઘરજ હરિઓમ વિધાલય આગળ અકસ્માત થતા પગના ભાગે વાગતા પગ ફેક્ચર થઈ ગયેલ હતા ત્યારે પોતાના પરિવારે તાત્કાલિક સારવાર કરાવી પગે પાંટો બાંધી સારવાર આપી હતી પરંતુ વિધાર્થીની પોતાના પગે ચાલી ન શકતી હતી અને એને તો દર્દ અને પરીક્ષા જાણે એક જ હોય તેવી રીતે હિંમત રાખી પોતાના પિતા અને માતા પોતાની દીકરી મિત્તલ ને લઈ કોલેજ ખાતે પ્રાયવેટ સાધન કરી પરીક્ષા અપાવવા પોહ્ચ્યા હતા ત્યાં તુરંત જ મેઘરજ કોલેજના પરીક્ષા સંચાલન એવા પ્રોફેસર રજનીકાંત આર રાઠોડ દ્વારા એક પલન્ગ ની વ્યવસ્થા કરાવી શાંતિ પૂર્ણ રીતે ઘાયલ વિધાર્થીની પરીક્ષા આપે તેવી સગવડ કરી એક માનવતા દાખવી હતી જેમાં કોલેજના પ્રિન્સિપાલ દવે સર સહીત કોલજના કર્મચારીઓ સાથે સારી એવી સગવડ આપી વિધાર્થીનીનું ભાવિ ન બગડે અને આગળ અભ્યાસ કરી શકે તે માટે સતત અઢી કલાક દીકરીની દેખરેક રાખી પરીક્ષા અપાવી હતી ત્યારે કહી શકાય કે પહેલા પરીક્ષા પછી જિંદગી જેમાં પરીક્ષા ખરેખર શું છે એ જાણવું હોય તો આ દીકરી નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી શકાય છે

ઉત્તર ગુજરાત સિંધી સમાજના અગ્રણીઓએ મુખ્યમંત્રીની મુલાકાત લઈ સામાજીક પ્રશ્નોની કરી રજુઆત

પ્રાંતિજ તા.૨૨

ઉત્તર ગુજરાત સિંધી સમાજ ના આગેવાનોએ એકત્રિત થઈ ને ગાંધીનગર ખાતે જઈ ને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની રૂબરૂ મુલાકાત લઈ ને સમાજ ના કેટલાક પ્રશ્નો ની રજુઆત કરી હતી.

ઉત્તર ગુજરાત સિંધી સમાજ ના અગ્રણીઓ,આગેવાનો દ્વારા ગાંધીનગર ખાતે જઈ ને સિંધી સમાજ વતી ગુજરાત ના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ને શાલ ઓઢાણી મોમેન્ટો અર્પણ કરી સિંધી સમાજ વતી સન્માન કરી તેવોએ સમાજ ના વિવિધ પ્રશ્નો અંગેની ચર્ચાઓ કરી હતી તો મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા પણ સિંધી સમાજ ના લોકો ના પ્રશ્નો સાંભળી તેમના પ્રશ્નોને યોગ્ય ન્યાય મળે તે માટેની ખાત્રી આપી હતી.

પ્રાંતિજ ખાતે ટ્રક ચાલકે જ્યુપિટર ચાલકને ટક્કર મારી.....

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ડમ્પર ચાલકે જ્યુપિટર ઉપર ઘરે જઈ રહેલ વેપારી ને પાછળથી આવી ને ટક્કર મારતા વેપારીને જીવલેણ ઈજાઓ પોહચતા પહેલા

પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે લઈ જવામા આવ્યા. પ્રાંતિજ સહિત તાલુકામા બેધડક રાત્ર દિવસ રેતી માટી કંપચી ભરીને ફુલફાસ્ટ ડમ્પરો દોડી રહીછે અને અને અનેકવાર આડેધડ દોડતી ઓવરલોડીગ ટ્રકો ને લઈ ને જીવલેણ અકસ્માતો સર્જાયા છે અને લોકોએ પોતાના જીવ પણ ગુમાવ્યા છે ત્યારે ફરી એકવાર પ્રાંતિજ ના શેઠ.પી.એન્ડર આર હાઈસ્કુલ પાસે મંગળવાર ના સાજના આઠ કલાકે દુકાન બંધ કરી ને પોતાના જ્યુપિટર ઉપર ઘરે જઈ રહેલ શ્રીજી કટલરી ના માલિક જગદીશભાઈ મોદીને એક ટ્રક ચાલક પોતાનો ટ્રક નંબર-ગ્ત૦૯ છેં ૮૫૪૪ નો ચાલક ફુલફાસ્ટ હંકારી લાવી રોડ ની સાઈડ મા પોતાનુ જ્યુપિટર નંબર -ગ્ત૦૯ ઝન્૮૦૮ ઉપર જઈ રહેલ વેપારી જગદીશભાઈ મોદી ને પાછળ થી ટક્કર મારતા તેવો જ્યુપિટર સાથે નીચે પડી ગયા હતા તો તેવોને જ્યુપિટર ઉપર ટ્રક ના આગળ નુ ટાયર ફરી વળતા જ્યુપિટર નો કુચડો થઈ ગયો હતો તો જગદીશભાઈ મોદી ને માથાના ભાગે તથા શરીરે ઈજાઓ પોહચતા તેવોને પહેલા પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે લઈ જવામા આવ્યા હતા તો અકસ્માત સર્જીને ટ્રક ચાલક ટ્રક મુકીને ઘટના સ્થળે થી ભાગી ગયો હતો તો અકસ્માત ને લઈ રોડ ની બન્ને બાજુ ટ્રાફિક જામ થઈ ગયો હતો તો પ્રાંતિજ પોલીસ ને ખબર પડતા દોડી આવી હતી અને ટ્રાફિક ને હળવો કર્યો હતો અકસ્માત ને લઈ ને ઘટના સ્થળે લોકોના ટોળેટોળા દોડી આવ્યા હતા અને ટ્રક ચાલક સામે રોષ વ્યક્ત કર્યો હતો તો રાત્ર-દિવસ રેતી , માટી , કંપચી ભરેલ ફુલફાસ્ટ દોડતા ટ્રકોને લઈ ને અનેકવાર અકસ્માતો ના બનાવ બન્યા છે અને અનેકવાર લોકોએ પોતાના જીવ પણ ગુમાવ્યા છે અને હાડકા પણ ભાગ્યા છે તો આ રોડ ઉપર અનેક સ્કુલ કોલેજો તથા વિવિધ સરકારી કચેરીઓ સહિત સંસ્થાઓ આવેલ છે ત્યારે તંત્ર મા અનેકવાર રહીશો દ્વારા રજુઆત બાદ પણ આ રોડ ઉપર ડમ્પર ચાલકો ફુલફાસ્ટ દોડતા જોવા મળે છે ત્યારે તંત્ર દ્વારા કોઈ મોટી જાનહાની ની રાહ જોતુ હોય તેવુ હાલતો લાગી રહ્યુ છે ત્યારે નગરજનોનુ કહેવુ છેકે ગામમા આવતા ડમ્પરો અન્ય માગેથી અથવા સ્કુલ કોલેજ શાળાના સમય સિવાય અન્ય સમયે આવે અને રહેણાંક વિસ્તાર સહિત અવરજવર વાળી જગ્યાએ વિસ્તારમાંથી ડમ્પર ચાલકો પ્રસાર થાય ત્યારે ડમ્પર ચાલકો સ્પીડ ઓછી હોવી જોઈએ તથા વૈકલ્પિક વ્યવસ્થા કરવામા આવે તેવી તેવી માંગ પણ ઉઠવા પામી છે ત્યારે તંત્ર દ્વારા ડમ્પર ચાલકો વિરૂધ્ધ જાહેરનામુ કે તેમની વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવામા આવશે કે કેમ એ તો હવે જોવુ રહ્યુ.

અરવલ્લી પર્વતોમાંથી ખનિજ ચોરી ડામવામાં તંત્ર નિષ્ફળ

તપાસ થાય તો મોટુ કૌભાંડ બહાર આવે

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૨

જિલ્લાની શોભાસમા અરવલ્લીના પર્વતોમાંથી પર્વતો ખોદી ખનિજ ચોરી કરવાનું મોટુ કૌભાંડ ચાલી રહ્યું છે છતાં ખનિજ ચોરોને ઝડપી પાડવામાં તંત્ર ઉણુ ઉતરતાં ક્યાંક સાંઠગાંઠ ચાલી રહ્યાનું નકારી શકાતુ નથી.

મળતી વિગતો અનુસાર જિલ્લો ખનિજ ચોરો માટે સ્વર્ગ સમાન બની રહ્યો છે અનો જિલ્લાના ખાણખનિજ વિભાગે માત્ર..ને..માત્ર કર્વારી ઉદ્યોગ પર ધ્યાન કેન્દ્રીત કરતાં કર્વારી ઉદ્યોગ દર વર્ષે કરોડો રૂપિયાની રોયલ્ટી રાજ્ય સરકારને ચૂકવી રહ્યું છે છતાં કર્વારી ઉદ્યોગના વધુ વિકાસ માટે સરકારની નિરશતાનો ઉદ્યોગકારોને વસવસો રહેલો છે. ત્યારે જિલ્લો અરવલ્લીની પર્વતમાળાઓથી સુશોભિત બની રહેલો છે પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી અરવલ્લીના પર્વતોમાંથી ગેરકાયદે ખનિજ ચોરી કરવાનું સુવ્યવસ્થિત કૌભાંડ ચાલી રહ્યું છે અને તેમાં સ્થાનિક તંત્રથી માંડી હિંમતનગર સુધીના જવાબદારોની સંડોવણી હોવાનું મોટા ભાગનો જનસમુદાય માની રહ્યો છે અને તેમાં જાણવા મળ્યા મુજબ દિવસ-રાત ટ્રેક્ટર તથા ડમ્પરો મારફતે ડુંગરો ખોદી લાલ પથ્થર અનેક માર્ગોના નિર્માણ તથા મરામત માટે લઈ જવામાં આવે છે જ્યારે ખાણ ખનિજ વિભાગ દ્વારા અરવલ્લીના પર્વતોને બચાવવા માટે મર્યાદીત માત્રામાં લીઝના પરવાના આપ્યાનું માનવામાં આવે તો પણ જિલ્લામાં જે રીતે અનેક વિસ્તારોમાં પર્વતો ખોદવાની કામગીરી ચાલી રહી છે તે જોતાં ખનિજ ચોરો અને ખાણ ખનિજ વિભાગની જુગલબંદીને ઝડપી પાડવા માટે જિલ્લા કલેક્ટર દ્વારા સરપ્રાઈઝ ચેકીંગો હાથ ધરવામાં આવે તે ઈચ્છનીય છે. જાણવા મળ્યા મુજબ અનેક ડુંગરાળ વિસ્તારોમાં લીઝના પરવાના ન આપવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હોવા છતાં જિલ્લાના ખાણ ખનિજ વિભાગમાં ભ્રષ્ટ ટેબલનો કબજો મેળવીને બેઠેલા કેટલાક હેડકલાર્ક તથા ઈન્સપેક્ટરો દ્વારા કાયદાકીય ચુંગાલમાંથી છટકબારીની સચોટ વિગતો આવા ખનિજ ચોરોને આપી પોતાને લીઝનો પરવાનો ન મળે તો એડવાન્સ રોયલ્ટી ભરી તમતમારે ખાધા રાખોની ગાઈડલાઈન આપતા હોવાનું લોકમૂખે સંભળાઈ રહ્યું છે. જ્યારે જિલ્લામાં પ્રાંત ઓફીસરો કે પછી અન્ય મામલતદારો તપાસ કરે ત્યારે જ ખાણ ખનિજ વિભાગને રોયલ્ટી ચોરીના સઘળ મળતા હોય છે. ત્યારે શું ખાણ ખનિજ વિભાગ પોતાની બુદ્ધીથી ખનિજ ચોરોને પકડી શકવાની ક્ષમતા ગુમાવી દીધી છે કે શું..?? તેવો સૂચક સવાલ સૌ કોઈના મનમાં વલોવાઈ રહ્યો છે.